ક્રમાંક:મઉમશબ/મા.શાખા/૨૦૨૨/૪૫

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા.૧૦/૦૪/૨૦૨૨

પ્રતિ,

મહામંત્રીશ્રી અને પ્રમુખશ્રી

ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ

'ભૂપેન્દ્ર-ગજેન્દ્ર શિક્ષક ભવન',

૭૦૧, રીલીફ શોપીંગ સેન્ટર, ત્રીજે માળ,

જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧

વિષય :- બોર્ડની જાહેર પરીક્ષામાં ઉત્તરવહી મૂલ્યાંકન કાર્યમાં શિક્ષકોની હાજરી બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/પરીક્ષા/૨૦૨૨/૪૩, તા.૦૯/૦૪/૨૦૨૨ નો પત્ર.

(૨) આપશ્રીની તા.૧૦/૦૪/૨૦૨૨ ના રોજ વોટ્સએપના માધ્યમથી મળેલ રજૂઆત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૨ ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાઓ તા.૨૮/03/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ દરમિયાન યોજાયેલ છે. તે પૈકી તા.૦૯/૦૪/૨૦૨૨ સુધીની પરીક્ષાઓ પૂર્ણ થયેલ છે. આગામી તા.૧૧/૦૪/૨૦૨૨ થી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષાના કેટલાક વિષયની તેમજ તા.૧૩/૦૪/૨૦૨૨ થી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના કેટલાક વિષયની ઉત્તરવહી પરીક્ષણની કામગીરી શરૂ થનાર છે. ઉક્ત પરીક્ષાની કામગીરીમાં સંદર્ભ પત્ર-૧ થી બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાની ઉત્તરવહી પરીક્ષણની કામગીરી માટે "જે શિક્ષકને મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી માટે મુક્ત કરવામાં આવે તેવા શિક્ષકે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે ફરજ નિભાવવાની રહેશે અન્યથા તેઓની ફરજ પરની ગેરહાજરી ગણવામાં આવશે." તે બાબત જણાવવામાં આવેલ છે.

સંદર્ભ પત્ર-૨ થી આપશ્રીની રજૂઆતમાં વિનિયમોનું ખોટુ અર્થઘટન કરીને શિક્ષક - સારસ્વત સમાજમાં ભય ફેલાવવા બહાર પાડવામાં આવેલ છે તેમજ વિનિયમોમાં શિક્ષકને મધ્યસ્થ મૂલ્યાંકન માટે છુટા કર્યા પછી આચાર્યશ્રીએ પરત ઓર્ડર ના સ્વીકારાય કે શાળામાં પુન: હાજર ન

કરાય અને ફરજ પરની ગેરહાજરી ગણવામાં આવશે એવી કોઈ જોગવાઈ વિનિયમમાં હોય તો અક્ષર સ: જાહેર કરવા જણાવેલ છે. ઉક્ત સંદર્ભ પત્ર-૨ ના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૨૭ "રજિસ્ટર થયેલી ખાનગી શાળાના હેડમાસ્ટરો, શિક્ષકો અને બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્યોનું વર્તન તથા શિસ્ત" હેઠળ જોગવાઈ થયેલ છે. તે પૈકી આપશ્રી દ્વારા સંદર્ભ પત્ર-૨ થી માગેલ વિગતો આ મુજબ છે.

| ક્રમ | વિનિયમ ક્રમ | વિનિયમની જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૭(૬) | કોઈ હેડમાસ્તર અને અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફના કોઈ સભ્યથી, પોતાની નોકરીની શરતોને લગતી કોઈ બાબત સંબંધમાં, કોઈપણ પ્રકારની હડતાળનો આશરો લઈ શકાશે નહિ. |
| ૨ | ૨૭(૬)(ક) | "કોઈ કર્મચારી, બોર્ડ દ્વારા લેવાતી જાહેર પરીક્ષા સંબંધમાં તેને સોંપવામાં આવે તેવી કોઈ કામગીરી સ્વીકારવાની ના પાડી શકશે નહિ. આમ છતાં, બોર્ડ કર્મચારીને વાજબી કારણોસર ખાસ સંજોગોમાં મુક્તિ આપી શકશે." |
| 3 | ૨૭(૭)(જ)(3) | (જ) હેડમાસ્તર અથવા અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફનો કોઈ સભ્ય-<br><br>"(3) વિભાગ તરફથી મોકલાવેલા કોઈ હુકમનું પાલન કરવાની તે ના પાડે અથવા આ વિનિયમો પૈકી કોઈ વિનિયમોનું ઉલ્લંઘન કરે તો;" |
| ૪ | ૨૭(૭)(ઝ) | હેડમાસ્તર અથવા અધ્યાપકીય અથવા બિન-અધ્યાપકીય સ્ટાફના કોઈ સભ્યને સુનાવણી વાજબી તક આપ્યા પછી સંચાલકો એવો અભિપ્રાય ધરાવે છે કે તે આ વિનિયમની કોઈ પણ જોગવાઈનો ભંગ કરવા બદલ ગુનેગાર છે, તો બરતરફી, રૂખસદ અથવા પાયરી ઉતારમાં પરિણમતી ન હોય તેવી કોઈ શિક્ષાને પાત્ર થશે. |
| ૫ | ૨૭(૯) | રજિસ્ટર્ડ ખાનગી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક અથવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફની કામગીરીઓ અને રચનાઓ પરત્વે વિનિયમો હેઠળ અન્યત્ર કરાયેલ જોગવાઈઓ ઉપરાંત સંચાલક મંડળ, આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષકો તેમજ બિન-શૈક્ષણિક સ્ટાફના વર્ગ-3 માં અને વર્ગ-૪ માં આવરી લેવાતા તમામ કર્મચારીઓની ફરજો તથા સેવા (વર્તન) ની શરતો આ વિનિયમ હેઠળના પરિશિષ્ટ-૨ માં નિહિત કરી દર્શાવેલી જોગવાઈઓ અનુસારની રહેશે. |
| ૬ | ૨૯(૧) | રજિસ્ટર થયેલી શાળાનો કોઈ કર્મચારી, સામાન્ય રીતે શાળાના વડાની પરવાનગી પ્રથમ મેળવ્યા વગર, પોતાની ફરજ ઉપર ગેરહાજર રહી શકશે નહિ. |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની જોગવાઈ...

- વિનિયમ ક્રમ-૨૭(૬) ધ્યાને લેતાં હડતાળનો આશરો લઈ શકાય નહિ.
- વિનિયમ ક્રમાંક-૨૭(૬)(ક) ધ્યાને લેતાં કોઈ કર્મચારી બોર્ડની જાહેર પરીક્ષા સંબંધી ફરજ વાજબી કારણો સિવાય સ્વીકારવાની ના પાડી શકે નહિ અને વાજબી કારણોસર બોર્ડ દ્વારા મુક્તિ આપવાની જોગવાઈ છે.
- વિનિયમ ક્રમાંક-૨૭(૭)(જ)(3) ની જોગવાઈ મુજબ મધ્યસ્થ મૂલ્યાંકન ખાતે ઉત્તરવહી પરીક્ષણની સોંપવામાં આવેલ કામગીરીના હુકમનુ પાલન કરવાની ના પાડે તો વિનિયમની જોગવાઈનું ઉલ્લંઘન ગણાય.
- વિનિયમ ક્રમાંક-૨૭(૭)(ઝ) ની જોગવાઈ મુજબ વિનિયમની જોગવાઈનો ભંગ કરવા બદલ શિક્ષા કરવાની જોગવાઈ થયેલ છે.
- વિનિયમ ક્રમાંક-૨૭(૯) માં કર્મચારીઓની ફરજો તથા સેવા (વર્તન)ની શરતો પરિશિષ્ટ-૨ માં થયેલ છે.

આમ, ઉપરોક્ત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ હેઠળ નિયત થયેલા વિનિયમ ક્રમાંક-૨૭(૬), ૨૭(૬)(ક), ૨૭(૭)(જ)(3), ૨૭(૭)(ઝ) અને ૨૭(૯) ની જોગવાઈઓનું કોઈ કર્મચારી દ્વારા ઉલ્લંઘન થાય તો તે વિનિયમ ભંગ ગણાય.

ઉપરોક્ત વિનિયમ ક્રમાંક-૨૭(૬) મુજબ કોઈ કર્મચારી હડતાળનો આશરો લઈને વિનિયમ ક્રમાંક-૨૭(૬)(ક) ની જોગવાઈનું ઉલ્લંઘન કરે તો તે વિનિયમ ભંગ ગણાય અને તેઓને સોંપેલ ફરજના સ્થળ પર તેઓ કામગીરી ન કરે તો તેઓની ફરજના સ્થળ પરની ગેરહાજરી ગણાય. જેથી વિનિયમ ક્રમાંક-૨૯(૧) મુજબ શાળાના વડાની પરવાનગી પ્રથમ મેળવ્યા વગર પોતાની ફરજ ઉપર ગેરહાજર રહી શકે નહિ. તે ધ્યાને લેશો.

આપશ્રી દ્વારા વિનિયમની અક્ષર સ: જોગવાઈ જાહેર કરવા જણાવેલ તે બાબતે ઉપરની હકીકતો જાહેર કરવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ :-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજય.
- રજિસ્ટર્ડ થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલક મંડળો અને આચાર્યશ્રીઓ, ગુજરાત રાજય.